# -: ફઝીલતે ઈમામે મઝલૂમ (અ.સ.) :-

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવ્યું છે કે, "હુસૈન મારાથી છે અને હું હુસૈનથી છું અને એમ પણ ફરમાવ્યું છે કે, **ઇમામ હસન (અ.સ.) મારા અડધા જિસ્મની મિસ્લ છે અને ઇમામ હુસૈન (અ.સ.) મારા બીજા અડધા જિસ્મની મિસ્લ છે."** અને બેવે મારા નવાસા જન્નતના રયહાન છે અને જન્નતના જવાનોના સરદાર છે. આપ (સ.અ.વ.વ.) બેવે શાહઝાદાઓને બેઇન્તેહા શફક્કત અને પ્યારથી નવાઝતા હતા અને ઘણી મરતબા બેવેને ખભાઓ પર સવાર કરીને બાઝારમાં નીકલતા હતા. આપ આ મુજબની મોહબ્બત કરતા હતા તો આપના નઝદીકના લોગોમાંથી ચંદ હસદખોરોને અણગમો થાતો હતો તો આપ ફરમાવતા કે, અલ્લાહતઆલા જેને પર રેહમત ફરમાવે તે જ પોતાના બચ્ચાઓને મોહબ્બત કરી શકે છે.

દાઅવતે હાદીયાહના કિતાબો "શરહુલ અખ્બાર" અને "ઉયૂનુલ અખ્બાર" માં ફઝાઇલે ઈમામ હુસૈન (અ.સ.) ની ઝિક્રે ખૈર વારિદ થયેલી છે. મૌલાના ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, "જે વક્ત આશુરા આવે છે, તે દિન આસ્માનના ફરિશ્તાઓ શીશીઓ લઇને ઝમીન પર ઉતરે છે અને તેઓ હરએક ઘરો અને મજલિસોમાં ગશ્ત કરે છે અને તે જગા પર પણ જાય છે જેમાં ઈમામ હુસૈન (અ.સ.) ની મુસીબતો પર આહોઝારી કરનારા હોય છે, તે જગા પરથી તેમના આઁસુઓ શીશીઓમાં ભરી લે છે. **અને જે વક્ત કયામતનો દિન આવશે તો આ આંસુઓના સબબ તેઓને જહન્નમની આગની બલાથી છુટકારો હાસિલ થાશે યા અઝાબે અલીમની પકડમાંથી તેમને નજાત અપાવશે."**

બીજી એક રિવાયત મન્કૂલ છે કે, "એક વક્ત મદીનામાં સખ્ત કહેત-દુકાલ પડો, લોગો દાણા-પાનીના મોહતાજ થયા અને હઝારોની તાઅદાદમાં મરવા લાગા. તો તેમાંથી ચંદ લોગો સરવરે દોઆલમ નબીયુલ્લાહ મોહંમદ મુસ્તફા (સ.અ.વ.વ.) ની હઝરતે રિસાલતમાં હાઝિર થયા અને અરઝ કીધી કે, અય રેહમતે આલમ, લોગો ભુખથી મરે છે; તે વાસ્તે આપ બારગાહે અયઝિદીમાં દોઆ ફરમાવો જેથી અલ્લાહની રેહમતની બારિશ નાઝિલ થાય, તે વક્ત આપની આગૌશમાં મૌલાના હુસૈન (અ.સ.) બેસેલા હતા. આપે ફરમાવ્યું કે, **"અય મારા લખ્તે જિગર ! આપ આપના બેવે હાથ ઉંચા કરીને અલ્લાહની બારગાહમાં દોઆ ગુઝારો કે, અલ્લાહતઆલા વરસાદ વરસાવે જેથી લોગોને રાહત થાય."** ઈમામ હુસૈન (અ.સ.) હક્કના પ્યારા હતા, આપ તરત જ ઉઠા અને બારગાહે ઈલાહીમાં હાથ ઉંચા કરીને ફરમાવ્યું કે, "અય પરવરદીગારે આલમ ! આ મોહંમદ જે મારા નાનાજી છે અને તારા પ્યારા રસૂલ છે એનો વસીલો લઇને હું કહું છું કે, અય બારીએ તઆલા ! આ યસ્રબ (મદીના) ના લોગો પર તારી રેહમતનો વરસાદ વરસાવ. તેઓ તારા પાસે પાની તલબ કરે છે એ હાલતમાં કે તેઓ જાણે છે કે, તારી રેહમત બીજા રેહમત કરનારાઓ કરતા ઝિયાદહ છે." રિવાયત કરનાર કહે છે કે, હજી આપની દોઆ પૂરી ન્હોતી થઇ કે આસ્માન પર વાદલો ઘેરાયા અને એવો ઝોરદાર વરસાદ વરસો કે પલ-બે-પલમાં નહેરો ઊભરાઇ ગઇ. લોગોએ અલ્લાહનો અને અહલે બૈત (અ.સ.) નો શુક્ર અદા કીધો અને ખુશ થયા. આપની આ મુજબની ફઝીલતો બેશુમાર છે. જો એનું તફસીલથી બયાન લખવા બેસીએ તો ઘણા કિતાબો તહરીર થઇ શકે. આપની જેહાદની પણ એક શાનદાર મિસાલ ઉમ્મતને વાસ્તે કિતાબોમાં વારિદ થઇ છે.

શહરે રમઝાન મુબારક મહીનો હતો અને નબીયુલ્લાહના કસ્રે મોહંમદીમાં તમામ રોઝદાર હતા. ઈમામ હુસૈન (અ.સ.) ત્રણ વરસના બચ્ચા હતા, પણ આપે રોઝું રાખ્યું હતું. મદીનામાં તે વક્ત સખ્ત ગરમીની મૌસમ હતી. સૂખી ગરમ હવા ફુંકાતી હતી, પ્યાસની શિદ્દતથી આપની ઝબાન સુકાવવા લાગી અને આપને ગશ આવી ગયો. માઁ સાહેબા મૌલાતના ફાતેમતુઝઝહરા (અ.સ.) એ આપને સમઝાવા કે આપ રોઝું ઈફતાર કરી લે, કેમકે બચ્ચાઓ પર શરીઅતના આઅમાલનો તકલ્લુફ નથી, પણ આપે આ શિદ્દતના બાવજૂદ રોઝું તમામ કરવાની નિય્યત કીધી. આખિરમાં માઁ ફાતેમતુઝઝહરા (અ.સ.) એ રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ને તલબ કીધા અને કહ્યું કે, અય અલ્લાહના નબી ! આ ફરઝંદે રોઝું કીધું છે, સખ્ત પ્યાસથી એની ઝબાન સુખી થઇ ગઇ છે, ભૂખના સબબ ગશ પર ગશ તારી થાય છે અને તે રોઝું છોડતા નથી; તેથી અય બાવાજી, આપ કઇ સમઝાવો ! નબી સાહબે આપને ખૂબ સમઝાવા પણ આપે જવાબ દીધો કે, **મારા માઁ સાહેબા, મારા બાવાજી સાહેબ અને મારા પ્યારા નાનાજી રોઝદાર હોય, ને હું રોઝું તોડી નાખું તે શું ગવારા થાય ?** અગર આ નૈક અમલમાં મારો જાન પણ નીકલી જાય તો તેની મને પરવાહ નથી. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પોતાના નવાસા ના આ કલામ સાંભલીને ઘણા ખુશ થયા અને તેમને આગૌશમાં લઇને બ-ચશ્મે નમ અલ્લાહતઆલા પાસે દોઆ ફરમાવી કે, "અય પરવરદીગાર ! તું સુરજને મગરિબ તરફ ગુરૂબ કર." ફૌરન આપની આ દોઆ કુબૂલ થાય છે અને સુરજ ગુરૂબ થાય છે અને નબીએ અકરમ (સ.અ.વ.વ.) ના પ્યારા નવાસા રોઝું ઈફતાર કરે છે અને અહલે બૈત (અ.સ.) ના દરમિયાન ખુશીની લહેર દોડી જાય છે. ★